# સ્વચ્છતા



''સ્વચ્છ ગુજરાત
સ્વસ્થ ગુજરાત''

સ્વચ્છતા એ માનવ વિકાસનો એક અગત્યનો માપદંડ છે. સફાઇની ઊણપ ઊંચો બાળમૃત્યુ દર, રોગચાળો વગેરે માટે પણ જવાબદાર છે. સ્વચ્છતા આપણું જીવનધોરણ સુધારે છે. વ્યક્તિની સ્વચ્છતા સાથે સમાજની સ્વચ્છતા સંકળાયેલ છે. આપણા દેશમાં આ બાબતે ઘણું કરવાનું રહે છે.

આ ક્ષેત્રે કેન્દ્ર સરકાર સહાયિત અને રાજ્ય સરકારના જુદા જુદા કાર્યક્રમો અમલમાં છે.

ભારત સરકારના ગ્રામીણ મંત્રાલય દ્વારા અમલ કરાતાં **સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન (ટીએસસી)** અંતર્ગત ગ્રામીણ કક્ષાએ લોકોમાં સફાઇ વ્યવસ્થાના વપરાશ બાબતે જાગૃતિ અને પ્રેરણા પૂરી પાડવામાં આવે છે. વ્યક્તિગત શૌચાલયોના બાંધકામની સાથોસાથ શાળાઓમાં શૌચાલયોના બાંધકામની અને સફાઇની પ્રવૃત્તિ હાથ ધરવામાં આવે છે. શાળામાં અધૂરૂં શિક્ષણ છોડી દેવા (ડ્રોપ આઉટ) માટે શાળાઓમાં શૌચાલયોની અપૂરતી સગવડો અને ખાસ કરીને કન્યાઓ માટે અલગ શૌચાલયનો અભાવ પણ એક કારણ હોય છે. કેન્દ્ર સહાયિત આ યોજના સમગ્ર રાજ્યમાં અમલમાં છે. આ યોજનાના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે.

- ગ્રામીણ વિસ્તારોમાં લોકોનું જીવનધોરણ સુધારવું.
- સ્વચ્છતા હેઠળ વધુ અને વધુ વિસ્તાર આવરી લેવાની કામગીરીને વેગ આપવો.
- આરોગ્ય વિષયક શિક્ષણ અને જાગૃતિ ઊભી કરીને સ્વચ્છતાલક્ષી સવલતો માટે માંગ ઊભી કરવી.
- શાળાઓ/આંગણવાડીઓને સ્વચ્છતાલક્ષી સવલતો હેઠળ આવરી લેવી.
- વિદ્યાર્થીઓમાં આરોગ્ય વિષયક શિક્ષણ અને સ્વચ્છતાલક્ષી ટેવોને પ્રોત્સાહન આપવું.
- પીવાના પાણીના સાધનો અને ખોરાકના બગાડનું જોખમ ઓછું કરવા ખુલ્લામાં મળત્યાગ અટકાવવો.
- પાણીના ઉપયોગ વિનાના જાજરૂને ફ્લશ જાજરૂમાં પરિવર્તિત કરવા અને ગ્રામીણ વિસ્તારોમાં હજી પણ માથે મેલું ઉપાડવાની પ્રથા હોય ત્યાં તે દૂર કરવી.

આ યોજના વધુ અસરકારક બનાવવા માટે જુન, ૨૦૦૩ થી ભારત સરકારે **''નિર્મળ ગ્રામ પુરસ્કાર''** યોજના શરૂ કરી. જેમાં સંપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરી હોય એટલે કે જ્યાં બધા માટે શૌચાલય હોય તેવી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતોને રોકડ પુરસ્કાર આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યને વર્ષવાર નીચે મુજબ પુરસ્કાર મળેલ છે.



| વર્ષ | નિર્મળ ગ્રામ પુરસ્કાર (ગ્રા.પં.ની સંખ્યા) |
|---|---|
| ૨૦૦૪-૦૫ | ૧ |
| ૨૦૦૫-૦૬ | ૪ |
| ૨૦૦૬-૦૭ | ૫૭૬ |
| ૨૦૦૭-૦૮ | ૭૩૯ |
| **કુલ** | **૧૩૨૦** |

સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન(ટીએસસી) અન્વયે તા. ૧૮-૦૯-૨૦૦૯ સુધીમાં રાજ્યની પ્રગતિ નીચે મુજબ છે.

| અનુ.નં. | બાબત | કુલ લક્ષાંક | સિદ્ધિ |
|---|---|---|---|
| ૧. | દરેક ઘર માટે શૌચાલય (બીપીએલ કુટુંબો) | ૨૦૭૦૦૫૬ | ૧૫૫૧૩૯૦ |
| ૨. | દરેક ઘર માટે શૌચાલય (એપીએલ કુટુંબો) | ૨૦૪૧૫૨૧ | ૧૬૬૫૧૬૧ |
| ૩. | કુલ ઘર માટે શૌચાલય | ૪૧૧૧૫૭૭ | ૩૨૧૬૫૫૧ |
| ૪. | સેનીટેશન કોમ્પ્લેક્ષ | ૧૬૩૨ | ૧૬૭૨ |
| ૫. | શાળા શૌચાલય | ૨૨૪૨૫ | ૨૩૭૭૨ |
| ૬. | આંગણવાડી માટે શૌચાલય | ૨૨૫૦૫ | ૨૧૧૦૮ |
| ૭. | રૂરલ સેનીટેશન માર્ટ (RSMs) | ૯૪ | ૩૪૪ |
| ૮. | પ્રોડક્શન સેન્ટર (PCs) | ૦ | ૨ |



## નિર્મળ ગુજરાત યોજના

નિર્મળ ગુજરાત યોજના અંતર્ગત ગુજરાત રાજ્યને સ્વચ્છ રાખવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ગામ તથા સરકારી કચેરીઓને સ્વચ્છ કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. ઓફિસોમાં રેકર્ડ વર્ગીકરણ, સફાઈ જેવી કામગીરી તથા ગામમાં ઉકરડા સ્થળાંતર, શૌચાલય બનાવવા વિગેરે જેવી કામગીરી હાથ ધરવામાં આવે છે તથા હેલ્થ ચેકઅપ અને ડોર ટુ ડોર કચરો કલેકશન કરવાની કામગીરી પણ હાથ ધરવામાં આવે છે.

ગામમાં સફાઈ યોગ્ય રીતે થાય અને સફાઈ પ્રત્યે સભાવના અને જાગૃતિ કેળવાય અને તે રીતે સફાઇનું ઊંચુ સ્તર લાવી, ગ્રામ્યજીવન સ્તર ઊંચું લઇ જવા માટે પ્રોત્સાહનરૂપે સફાઇ અને સ્વચ્છતા માટે સહાય આપવામાં આવે છે. આ સહાયનો ઉપયોગ ગામની સ્વચ્છતાની જાળવણી માટે અને સ્વચ્છતાના સાધનો વસાવવા માટે ગ્રામપંચાયતને આપવામાં આવે છે. પોતાનું ગામ સ્વચ્છ અને નિર્મળ બને તે હેતુથી પ્રેરાઈને કટીબદ્ધ બને તે માટે સને ૨૦૦૭-૦૮ના વર્ષમાં આ નવી યોજના અમલમાં મુકવામાં આવી છે. જેની અગત્યની બાબતો નીચે મુજબ છે.

- ગ્રામ પંચાયતમાં ગંદકીવાળી જગ્યાઓ પબ્લીક ગટર લાઇટ અને માર્ગો ઉપર દવા છંટકાવવાની કામગીરી હાથ ધરવી.
- ઉકરડાનું યોગ્ય સ્થાને સ્થળાંતર કરાવવું અને તે માટે ગામ બહાર જગ્યા નક્કી કરવી.
- ગ્રામ પંચાયતમાં સફાઇ વેરો દાખલ કરી ગ્રામ સફાઈ વ્યવસ્થા સઘન બનાવવી.
- ગામમાં આવેલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના મકાનો, શાળાઓ, પંચાયત ઘર, આંગણવાડી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વગેરે તમામ સ્થળોએ શૌચાલયનો પ્રબંધ કરાવવો.
- ગામના જાહેર સ્થળે નિર્મળ ગુજરાત સંબંધના સુત્રો-પોસ્ટર લગાવવા.
- ગામના વ્યક્તિગત અને સામુહિક શૌચાલયોની વ્યવસ્થા કરવી.
- ગ્રામ વિસ્તારોમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાનનું નિર્માણ કરવું.
- રહેણાંકના સ્થળેથી યોગ્ય અંતરે પશુ જાળવણી સુનિશ્ચિત કરવી.
- જે ગામ જેટલો સફાઈ વેરો ઉઘરાવશે તેટલી રકમ રાજ્ય સરકાર આ યોજના હેઠળ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ફાળવશે.
- જે ગામ ૧૦૦ ટકા સફાઇ વેરો ઉઘરાવશે તેને ૧૧૦ ટકા લેખે રાજ્ય સરકાર આ યોજના હેઠળ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે ફાળવશે.

આ યોજનામાં સ્વચ્છતા બાબતે ગ્રામ પંચાયતોને પ્રોત્સાહિત કરવા માટે હરિફાઇનું આયોજન કરવામાં આવે છે જેમાં રોકડ રકમ ઉપરાંત એક ફરતો શીલ્ડ પણ આપવામાં આવે છે. પ્રથમ, દ્વિતિય અને તૃતીય ''નિર્મળ ગ્રામ પંચાયત''ની પસંદગી તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાની સમિતિઓ દ્વારા કરવામાં આવે છે. રોકડ ઈનામની રકમનો ઉપયોગ ગામમાં સ્વચ્છતા અંગેના કામોની એસેટ્સ જેવી કે ગટર લાઇન, અંડરગ્રાઉંડ ગટર લાઇન, જાહેર શૌચાલયોના બાંધકામ, ગોબર ગેસ પ્લાન્ટ જેવી બાબતો માટે કરવામાં આવે છે. રાજ્યમાં ૫૦૦૦થી વધુ વસતીવાળા ૯૬૦ ગામોને પ્રથમ તબક્કે અંડરગ્રાઉન્ડ ગટર લાઇનની કાયમી સગવડ માટે આવરી લેવાયા છે જેમાં ગ્રામ પંચાયતે કુલ અંદાજીત ખર્ચના ૧૦ ટકા લેખે ફાળો આપવાનો હોય છે.

## નિર્મળ શહેર યોજના

નિર્મળ ગુજરાત યોજના અન્વયે રાજ્યના શહેરી વિસ્તારોને પણ સ્વચ્છ અને હરિયાળું બનાવવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આ યોજના અમલમાં છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ રાજ્યના શહેરી વિસ્તારોમાં સ્વચ્છતા દ્વારા પ્રદુષણને નિયંત્રિત કરી પર્યાવરણમાં સુધારો કરવાનો છે, જેમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવે છે.

- ઘન કચરાના નિકાલ અને ટ્રીટમેન્ટ માટેની સવલતો ઊભી કરવી.
- જાહેરમાં મળત્યાગ બંધ કરાવવા બાબતે વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડવી.
- જાહેર શૌચાલયો પૂરા પાડવા.
- શહેરી લોકલ બોડીને વૃક્ષારોપણ અને ગ્રીન આઇલેન્ડ માટે પ્રોત્સાહિત કરવી.
- વંચિતો માટે શહેરી આરોગ્ય પ્રોગ્રામ.
- પર્યાવરણના નિર્દેશકોનું મોનીટર કરવું.
- પ્રદૂષણ નિયંત્રણ માટે પગલાં લેવા, વિગેરે.